તા. ૧૫.૦૯.૨૦૨૪
નવગુજરાત સમય, પાના નં.૦૧

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે

**ગાંધીનગર :** લોકસભાની ચૂંટણીમાં બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારથી ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન મોદી રવિવારે બપોર પછી અમદાવાદ આવશે. ત્રણ દિવસની મુલાકાતમાં વડાપ્રધાન રવિવારે સાંજે વડસર એરફોર્સ સ્ટેશન તૈયાર કરાયેલા વેસ્ટર્ન કમાન્ડ એન્ડ કન્ટ્રોલના નવા ઓપરેશન સેન્ટરની વડાપ્રધાન મુલાકાત બાદ વરિષ્ઠ અધિકારીઓ સાથે ઔપચારિક ચર્ચા કરી સીધા ગાંધીનગર રાજભવન પહોંચશે. સાંજે છ વાગ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સોમનાથ મંદિર ટ્રસ્ટની 123મી બેઠક યોજાશે.

**અમદાવાદ અને ગાંધીનગરમાં સંખ્યાબંધ કાર્યક્રમોમાં હાજર રહેશે, મેટ્રો ફેઝ-2નું ઉદ્ઘાટન કરશે**

આ બેઠકમાં ટ્રસ્ટના સભ્ય એવા ગૃહમંત્રી અમિતભાઇ શાહ પણ હાજર રહે તેવી શક્યતા છે. આ બેઠકમાં પૂર્વ મુખ્યસચિવ પી.કે લહેરી સહિતના અન્ય ટ્રસ્ટીઓ પણ જોડાશે. ત્યારબાદ વડાપ્રધાન ગુજરાત રાજ્યના શહેરી વિકાસ, ગ્રામ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિતના વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજે તેવી શક્યતા છે. જેમાં PM આવાસ યોજના, PMસૂર્ય શક્તિ યોજના, 70 વર્ષથી ઉપરના લોકો માટે રૂ.5 લાખના આરોગ્ય વીમા કવચમાં ગુજરાતના લાભાર્થીઓની સંખ્યા, હાલ PMJAY, આયુષ્યમાન યોજનામાં પ્રગતિ અને લાભાર્થીઓને લાભ વગેરેના પ્રેઝન્ટેશન નિહાળશે. વડાપ્રધાન રાજભવનમાં જ રાત્રિ રોકાણ કરશે. 16મીએ સવારે 10 વાગે વડાપ્રધાન મહાત્મા મંદિર ખાતે ત્રિદિવસીય ચોથી આરઇ-ઇન્વેસ્ટ 2024નું ઉદ્ઘાટન કરશે. ત્યાર બાદ બપોરે 1.20 વાગે સેક્ટર-1 ખાતે નવનિર્મિત મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં સફર કરી ગાંધીનગર અને અમદાવાદ(મોટેરા) વચ્ચેના 22 કિ.મી.ના ફેઝ-2 રૂટનું ઉદ્ઘાટન કરશે. ગિફ્ટ સિટીમાં બેન્કિંગ અને ફાઈનાન્સના વડાઓ સાથે ચર્ચા સત્રમાં હાજરી આપીને વડાપ્રધાન બપોરે 3.30 વાગ્યા બાદ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વિવિધ પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ લોકોને સંબોધશે. 17મીએ સવારે ગાંધીનગર હેલિપેડથી વડાપ્રધાન એરપોર્ટ પહોંચી વિશેષ વિમાન મારફતે ભુવનેશ્વર જવા રવાના થશે.